ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# પંચાયતીરાજથી ગ્રામીણ મતદારો પર અને જનમાનસ પર વધુ પક્કડ જમાવવામાં વહીવટી તંત્ર નિષ્ફળ

**પંદરમા નાણાંપંચના ત્રણ વર્ષ પછી પણ વિકાસ કામો ગ્રામીણ વિસ્તારમાં વહીવટીય પાંખ અને ચૂંટાયેલી પાંખો વચ્ચે અટવાયા કરે છે**

**સમયસર**
- પ્રકાશ જહા

ગાંધીનગર, તા. ૬

તાજેતરમાં રાજ્યના મુખ્ય સચિવે વિડીયો કોન્ફરન્સમાં તમામ જિલ્લા વિકાસ અધિકારીઓને સંબોધતાં જણાવ્યુ હતુ કે વંદે ગુજરાત વિકાસ યાત્રાના અવસરે ગ્રામીણ વિસ્તારમાં જજો. આ સંદર્ભે ગ્રામસભાઓના આયોજનોમાં રસ લેજો એટલુ જ નહિ તમે ગ્રામ્ય વિસ્તારમાં રાત્રિ સભાઓમાં જવાનુ ટાળો છો તે હું જાણુ છુ પરંતુ આ અનુભવ લેવો જરૂરી છે. ગ્રામ્ય વિસ્તારમાં રાત્રિ રોકાણ કરો અને રાત્રિ સભામાં હાજરી આપશો.

જો કે મુખ્ય સચિવની આ સૂચના પછી પણ ઘણા બધા અધિકારીઓએ યાત્રામાં જવાનું ટાળ્યુ એટલુ જ નહિ રાત્રિ સભા પણ ના કરી કે ગ્રામસભામાં પણ હાજરી ના આપી.

આ વાતનો ઉલ્લેખ અને મારે જે વાત કરવી છે તે જ તેનો હાર્દ છે. પંચાયતીરાજ થકી ગ્રામીણ મતદારો પરની અને જનમાનસ પરની પક્કડને મજબુત બનાવવાના સરકારે ભરપૂર પ્રયાસ કર્યા છે પરંતુ ગ્રામીણ અર્થકારણ કે ગ્રામીણ વિસ્તારમાં જઈ લોકોને મદદરૂપ થવાની વાત અધિકારીઓ જ નહિ ચૂંટાયેલી પાંખ પણ ટાળી રહી છે.

કોરોનાના બે વર્ષ જે મહામારીમાં પસાર થયા પછી ગ્રામીણ વિસ્તાર માટે તંત્રએ જેટલા પગલાં લેવા જોઈએ તેમાં નિષ્ફળતાઓ જ સામે આવી છે. ચૂંટણીનું વર્ષ હોવાથી ગ્રામસભાઓના બે થી ત્રણ વખત આયોજનો થયા પણ અધિકારીઓ અને ચૂંટાયેલી પાંખના આગેવાનોએ થોડી ઘણી જગ્યાએ નામ પૂરતી હાજરી આપી-સરકારે આ વાતને પણ કડવી હકીકત હોવાથી વધુ કોઈ પ્રકાશ કે ચર્ચા વગર જ દબાવી દેવામાં જરૂર સફળતા મેળવી છે.

પંચાયતોના સ્વભંડોળની નીતિ બનાવવાની કવાયત પછી આખો મુદ્દો ફાઈલોમાં અટવાઈ ગયો કે શુ થયુ તેની કોઈને જાણ નથી. સ્વભંડોળમાંથી કામો કરવામાં વ્હાલા દવલાની નીતિ અને પ્રજાના નાણાંનો વેડફાટ વધુ જોવા મળી રહ્યો છે.

પંચાયતીરાજ માટે ૧૫મા નાણાંપંચની જોગવાઈઓ અને અમલીકરણમાં જે રૂકાવટો છે તેનાથી સરકાર માહિતગાર છે. કોરોનાના બે વર્ષ પછી પણ સરપંચો સાથે તંત્ર કે ચૂંટાયેલી પાંખે આ અંગે સંવાદ કરવાની પહેલ કરી નથી. આ કામોમાં પણ ટાઈડ ગ્રાન્ટ અને અનટાઈડ ગ્રાન્ટના કામો કેવી રીતે હાથ ધરવા, ડિજીટલ પેમેન્ટની જોગવાઈ સહિતના ઘણા મુદ્દાઓ હજુ ગુંચવાયેલા જ છે.

પંચાયતીરાજ દ્વારા વેરા વસુલાતનું નબળુ ચિત્ર સામે આવ્યુ છે. અધિકારીઓએ ગ્રામીણ સ્તરે આ માટે કેમ્પો કરવાનું તો ઠીક પણ માત્ર સૂચનાઓ આપી અને કામ ચલાવ્યુ છે. જે જિલ્લાઓમાં નબળી વસુલાત હતી ત્યાં વધુ નબળી વસુલાત થઈ છે.

સરકારના કાર્યક્રમોના આયોજનો પણ નીચેના અધિકારીઓ પર છોડી દેવાના રસ નહિ દાખવવાની અધિકારીઓની મનોવૃત્તિને નાથવા સરકાર હવે કડક બને તેમ સૌ ઈચ્છે છે.

જિલ્લાઓના પ્રશ્નો અંગે પણ કોઈ ચોક્કસ સંવાદો સરકાર અને અધિકારીઓ વચ્ચે યોજાય અને તેની પારદર્શક ચર્ચાઓને લોકો સુધી પહોંચાડવી તે જરૂરી છે.

વિલેજ ડેવલપમેન્ટ પ્લાન તૈયાર કરવા માટે સરપંચોને માર્ગદર્શન આપવામાં આવે, ગ્રામ સભાઓમાં લોકરૂચિ ઉભી થાય તે માટે તેના પ્રશ્નો ઉકેલવામાં આવે તે જરૂરી છે. માત્ર યોજનાઓની અમલવારીના કાગળ પરના ઘોડાઓ દોડવવાથી નહિ ચાલે, તંત્ર આળસ મરડે અને સાચા અર્થમાં પંચાયતી રાજના સશક્તિકરણનો અભિગમ અધિકારીઓ અપનાવે તે માટે તેમને વિશેષ તાલિમ આપે.

સમયાનુસાર નહિ પણ કામગીરી આધારિત બઢતીના નિયમો બનાવે અને પંચાયતી રાજની આર્થિક સમૃદ્ધિ અને ગ્રામીણ સમૃદ્ધિનો એક યોગ રચાય ત્યારે સુશાસનનું સ્વપ્ન સાકાર થશે.

પંચાયતીરાજમાં ચૂંટાયેલા સભ્યો લોકાભિમુખ બને તેમજ વહીવટીય દખલગીરીથી દૂર રહી ગ્રામોત્થાન માટે સક્રિય બને તે પણ એટલુ જ જરૂરી છે.

અને છેલ્લે

કોંગ્રેસના અગ્રણી અને સ્વર્ગીય મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીએ કોંગ્રેસમાં સફારી કલ્ચરના પ્રવેશને લઈ ચિંતા કરતો પત્ર પક્ષના મોવડીઓને લખ્યો હતો તેના પર ખુબ રાજકીય ચર્ચાઓ થઈ હતી. આ પછી ભાજપના એક નેતાએ પણ પક્ષમાં કાર્યકરોમાં કોન્ટ્રાક્ટર થવાની ઘેલછા એ પણ સારી ચર્ચા જગાવી હતી.

રાજનીતિનું વિસ્તૃતિકરણ થાય એ જરૂરી છે અને તે સારી નિશાની જરૂર કહી શકાય પણ કલ્યાણ રાજ્યની આસ્થાઓને વધુ બળવત્તર બનાવવાની દિશામાં પગલાં લેવાય તે પણ એટલુ જ જરૂરી છે.



વરસાદ બાદ ગાંધીનગરના માર્ગોની આસપાસ ઉછેરવામાં આવેલા છોડ ખીલી ઉઠ્યા છે. આખે આખો ચ-રોડ પીળા-કેસરી રંગના ફૂલોથી ખીલી ઉઠ્યો છે. રંગબેરંગી ફૂલો શહેરની શોભા વધારી રહ્યા છે. વન વિભાગે ખૂબ જ જનતપૂર્વક ઉછરેલા છોડવાઓ શહેરને હીલસ્ટેશન સમી આભા બક્ષી રહ્યા છે.

**વાવોલ, સરગાસણ અને કુડાસણમાં**

# દિવાળી સુધીમાં નવા ૭ બગીચા તૈયાર થઈ જશે

**બગીચા નિર્માણ પાછળ અંદાજિત રૂ ૪ કરોડના ખર્ચ કરાશે : બગીચાઓના નિર્માણ બાદ આ વિસ્તારની રોનક નિખરશે**

ગાંધીનગર તા ૬

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગ્રીન સીટીના કન્સેપ્ટને વેગ આપવા ગુડા વિસ્તારમાં શરૂઆતથી જ હરિયાળા ઉદ્યાનોનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. નવા આવાસો બિલ્ડીંગો તેમજ અન્ય માળખાકીય સુવિધાઓ ઉભી કરવા સહીત ગુડા દ્વારા નવા બગીચાઓ બનાવવા માટે હાલ કામગીરી ચાલી રહી છે. જેમાં કુડાસણ ,વાવોલ અને સરગાસણ વિસ્તારમાં ટુંકમાં જ સાત જેટલા બગીચાઓનુ કામ પુર્ણ થઈ જશે આગામી દિવાળી પુર્વે આ વિસ્તારના રહેવાસીઓને નવા બગીચાઆની સુવિધા ઉપલબ્ધ થશે. ઉદ્યાન નિર્માણની આ યોજના અન્વયે અંદાજિત રૂ ૪ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

ગુડા દ્વારા કુડાસણમાં ત્રણ અને સરગાસણમાં એક તેમ કુલ ચાર તેમજ વાવોલમા ત્રણ સહીત કુલ સાત નવા બગીચાઓનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જયારે આ બગીચાઓના નિર્માણ માટે રૂ ૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ અંગે સુત્રોએ માહીતી આપતા જણાંવ્યુ હતુ કે દિવાળીના તહેવારો પુર્વે બગીચાઓનુ કામ પુર્ણ કરી દેવાશે ગુડાના સુત્રોમાંથી પ્રાપ્ય થતી માહીતી અનુસાર નવા બગીચાઓ માટે વિવિધ પ્રકારની ડીઝાઈન તૈયાર કરવામાં આવી હતી જયારે ડિઝાઈન મુજબ આગળ ઉદ્યાનોનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. જેમાં મોટાભાગની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે દરેક બગીચાઓમાં હરિયાળી લોન, વડીલોની બેઠક માટે ગજીબો તેમજ બાળકો માટે રમતગમતની જગ્યા ઉપરાંત સાધનોની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. વોકીંગ કરનારાઓ માટે વોક વે પણ તૈયાર કરાયો છે. આ ઉપરાંત આંતરિક લાઈટસ તેમજ બગીચા ફરતે ગ્રીલ પણ મુકવામાં આવી છે. શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિવિધ ટાઉન પ્લાનીંગ વિસ્તારમાં બગીચાઓ માટેની સગવડ પુરી પાડવા માટે પણ આયોજન કરાયુ છે. ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા જયાં પણ બગીચાઓનુ નિર્માણ કરવામાં આવી રહ્યુ છે. આ વિસ્તાર કોર્પોરેશનની હદમાં આવી ગયો છે. જયારે આ વિસ્તારમાં રસ્તા , ગંદા પાણીના નિકાલ માટે ગટર વ્યવસ્થા સ્ટ્રીટ લાઈટ સહીતની માળખાકીય સુવિધાનુ કામ અગાઉ ગુડા કક્ષાએથી જ કરવામાં આવ્યુ છે. જયારે આ પૈકી અનેકવિધ કામગીરી હાલમાં પણ કાર્યરત છે. આ અન્વયે બગીચા નિર્માણનુ આયોજન પણ અગાઉથી જ કરી દેવામાં આવ્યુ હતુ જયારે હાલ કામગીરી પણ પ્રગતિ હેઠળ છે. વાવોલ, સરગાસણ અને કુડાસણના રહેવાસીઓને ઓકટોબર મહીના અંત સુધીમાં અલબત્ત દિવાળી પુર્વે જ નવા બગીચાઓની સુવિધા પુરી પાડવામાં આવશે.

**શહેરના સર્કલોની સુંદરતા નિખારવા**

# નિરસતા દાખવનાર વિવિધ ૧૦ સંસ્થાઓને નોટીસ

**સર્કલોના આંતરિક વિસ્તારમાં યોગ્ય સફાઇ કરવામાં આવતી નથી : ફરતે રેલીંગ પણ તુટેલી : નગરના ૧૭ જેટલા સર્કલોને અનુલક્ષી તંત્રએ જવાબદાર સંસ્થાઓને નોટીસ આપી : દિવાળી પુર્વે સર્કલોની સુંદરતા નિખારવા માટે તંત્રની સુચના**

ગાંધીનગર તા ૬

ગાંધીનગરના મુખ્યમાર્ગો વચાળે સ્થિત સર્કલો પણ નગરની આગવી ઓળખ બન્યા છે. દોઢ દાયકાથી વધુ સમયના અંતે સર્કલોને વિવિધ થીમ પર વિકસાવી નવા નામાભિધાનથી ઓળખવામાં આવ્યા હતા જયારે આ સર્કલો વિકસાવાની તેમજ તેની યોગ્ય જાળવણી કરવાની જવાબદારી પણ સંબંધિત સંસ્થાઓને સોંપવામાં આવી હતી. પરંતુ છેલ્લા કેટલાક સમયથી જાળવણીના અભાવે આકર્ષણ ગુમાવતા સર્કલોની સુંદરતા નિખારવા માટે પાટનગર યોજના ભવન દ્વારા જવાબદાર સંસ્થાઓને નોટીસ આપવામાં આવી છે. અંદાજિત ૧૦ જેટલી સંસ્થાઓને સર્કલોની દરકાર લેવા માટે તંત્રએ નોટીસ આપી છે.

ગાંધીનગરમાં મુખ્યમાર્ગો પર વચાળે સ્થિત સર્કલોની સુંદરતા નિખારવા માટે સર્કલોને વિવિધ થીમ પર વિકસાવામાં આવ્યા છે. જયારે સર્કલોની સુંદરતા નિખરવા ઉપરાંત નગરમાં આવતા મુલાકાતીઓને કોઈ ઉપયોગી સંદેશો પણ મળી રહે તેવા આશયથી સર્કલોને વિવિધ થીમ પર વિકસાવામાં આવ્યા છે. જયારે સર્કલોને વિકસાવાની જવાબદારી પણ અગાઉ સંબંધિત સંસ્થાઓને સોંપવામાં આવી હતી પરંતુ છેલ્લા પાંચ વર્ષથી સર્કલો પણ કંગાળ હાલતમાં જોવા મળી રહ્યા છે. અલબત્ત અગાઉની જેમ સર્કલોની જાળવણી માટે સંસ્થાઓ  કક્ષાએથી પણ નિરસતા સેવાઈ રહી હોવાનુ સ્પષ્ટ થયુ છે. સર્કલોની ફરતે રેલીંગ પણ ઘણાં ઠેકાણે તુટેલી જોવા મળે છે જયારે સર્કલોની અંદરના વિસ્તરમાં યોગ્ય સફાઈ પણ કરવામાં આવતી નથી. જેના લીધે સર્કલો આકર્ષણ વિહોણાં બન્યા છે. અગાઉ પણ પાટનગર યોજના વિભાગ કક્ષાએથી સર્કલોની જાળવણી મામલે વિવિધ સંસ્થાઓને નોટીસ આપવામા આવી હતી ગત ડીસેમ્બર મહીનામાં વાઈબ્રન્ટના આયોજન સંદર્ભે પણ સર્કલોની સુંદરતા નિખારવા માટે તંત્રએ સંસ્થાઓને જાણ કરી હતી પરંતુ વાઈબ્રન્ટ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં કોરોનાના ૭ નવા કેસ : ૭ને ડિસ્ચાર્જ અપાયુ

**સે. ૩, ૧૨, સરગાસણ અને રાયસણમાં કેસ નોંધાયા, કલોલ તાલુકામાં ૩ કેસ**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ધીમુ પડ્યુ છે. જો કે કેસોની સંખ્યામાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો હોવાથી તંત્રની ચિંતામાં ઘટાડો થયો નથી.

ગાંધીનગર શહેરમાં આજે ૪ કેસ નવા અને ગાંધીનગર ગ્રામ્યમાં નવા ૩ કેસ કોરોનાના નોંધાયા છે. તમામ કેસો લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયા છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા ૪ કેસ પુરૂષ દર્દીના છે. શહેરમાં આજે સે. ૩, ૧૨, સરગાસણ અને રાયસણમાં કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા ૪એ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૩ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા તમામ પુરૂષ દર્દી છે. આજે ૩એ કેસ કલોલ તાલુકામાં નોંધાયા છે. કલોલ તાલુકાના નાંદોલી ગામે બે કેસ અને એક કેસ બોરીસણા ગામે નોંધાયો છે. આજે નોંધાયેલા ૩એ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આજે જિલ્લામાં નવા કેસ ૭ નોંધાયા છે અને ૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં પાંચ દર્દી રિકવર થતાં અને ગ્રામ્ય વિસ્તારમાં ૨ દર્દી રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં રિકવરી રેટ ૯૭ ટકાએ પહોંચ્યો હોવાનો દાવો તંત્રએ કર્યો છે.



સેક્ટર-૨૧ના મુખ્ય માર્ગની નજીક જ ગટર ઉભરાતા વસાહતીઓ હેરાન-પરેશાન થઈ ગયા છે. અપના બજાર બિલ્ડીંગના પાછળના ભાગમાં રહેણાંક વિસ્તારમાં ગટર ઉભરાતા આવતા-જતા વાહનચાલકો ઉપરાંત રહેવાસીઓને અસહ્ય દુર્ગંધ વચ્ચે અહીંથી પસાર થવુ પડે છે. તાત્કાલિક ગટરને ઉભરાતી બંધ કરવામાં નહિ આવે તો મચ્છરજન્ય રોગચાળો ફેલાવવાનો ભય રહેવાસીઓ સેવી રહ્યા છે... એક તરફ સ્માર્ટ સિટીની વાત કરવામાં આવી રહી છે અને બીજી તરફ સ્માર્ટ ગંદકી અને સમસ્યાઓનો નગરજનો સામનો કરી રહ્યા હોય એવું લાગી રહ્યું છે..

# શહેરમાં સ્વાઈન ફ્લુથી ૭૮ વર્ષીય મહિલાનું સારવાર દરમ્યાન મોત

**જિલ્લામાં આજે વધુ ૪ કેસ નોંધાયા : શહેરમાં ૩ અને ગ્રામ્યમાં એક કેસ, જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૮૦એ પહોંચી**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસો સતત વધી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. ગાંધીનગર શહેરમાં સ્વાઈન ફ્લુથી એક મહિલા દર્દીનું અવસાન થયુ છે. શહેરમાં સ્વાઈન ફ્લુથી પ્રથમ મૃત્યુ થતાં તંત્રમાં પણ સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

જિલ્લામાં સ્વાઈન ફ્લુથી અત્યાર સુધીમાં બે મોત થયા છે. અગાઉ કલોલમાં એક નાના ફુલનું સારવાર દરમ્યાન મોત થયું હતું. ગાંધીનગર શહેરમાં સે. ૧૩માં રહેતા ૭૮ વર્ષીય મહિલાનું હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત થયુ છે. આ મહિલાને સ્વાઈન ફ્લુ ઉપરાંત અન્ય બિમારી પણ હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં આજે સ્વાઈન ફ્લુના વધુ ૪ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર શહેરમાં ૩ અને ગ્રામ્ય વિસ્તારમાં એક કેસ નોંધાયો છે. જિલ્લામાં આ સાથે સ્વાઈન ફ્લુના કેસોની સંખ્યા ૮૦ થઈ છે. શહેરમાં સ્વાઈન ફ્લુના કેસની સંખ્યા ૬૪ થઈ છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં આ સંખ્યા ૧૬ થઈ છે.

શહેર-જિલ્લામાં કોરોના-સ્વાઈન ફ્લુ અને વાહકજન્ય રોગચાળાએ જે રીતે માથુ ઉંચક્યુ છે તેનાથી તંત્રની દોડધામ પણ વધી જવા પામી છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા ૩ કેસમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં સમાવિષ્ટ વાવોલ ગામમાં આજે બે કેસ નોંધાયા છે. વાવોલમાં આજે નોંધાયેલ કેસ એ દંપત્તિ છે અને બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. બન્નેની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ત્રીજો કેસ સે. ૧૨માં નોંધાયો છે. સે. ૧૨માં સ્વાઈન ફ્લુના કેસો જે ઝડપથી મળી રહ્યા છે તેને લઈ તંત્રએ સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે. સે. ૧૨માં આજે ૨૩ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સ્વાઈન ફ્લુનો આજે વધુ એક કેસ મળી આવ્યો છે. ગાંધીનગર તાલુકાના લવારપુર ગામે ૪૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. જ્યાં તેણીની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરજિલ્લામાં સ્વાઈન ફ્લુના કેસો અને તેમાંય મહિલા, બાળકો અને મોટી વયના લોકો સપડાઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. તંત્રએ સઘન સર્વેલન્સ કરવા તેમજ સ્વાઈન ફ્લુને લઈ લોકોને પણ સતર્ક સાથે સાવચેત રહેવા અપીલ કરી છે.

# શહેરમાં ફુટપાથના ગાબડા પુરવા પાટનગર યોજના વિભાગે કોર્પોરેશનને પત્ર લખ્યો

**પાણીની લાઇન નાંખવા સહીત સર્કલ વિસ્તારમાં કેબલ નાંખવા માટે ઠેર ઠેર ફુટપાથમાં ભંગાણ થતા ગાબડા પુરવા તંત્રએ પત્રના માધ્યમથી જાણ કરી**

ગાંધીનગર તા ૬

ગાંધીનગરમાં વરસાદી દિવસોમાં માર્ગોનુ ધોવાણ થયુ છે. જયારે માર્ગોની સાથે આસપાસ સ્થિત ફુટપાથ પણ ઠેર ઠેર તુટેલી હાલતમાં ચિથરેહાલ છે. અગાઉ વરસાદી પાણીના નિકાલની લાઈન નાંખવા ખોદકામના અંતે યોગ્ય પુરાણ ન થતા વરસાદી દિવસોમાં માટીમાં ગરકાવ થયેલી ફુટપાથ પર હાલ ઠેર ઠેર મોટા ગાબડા જોવા મળે છે. સ્માર્ટ સીટી અન્વયે હાલ પાણીની નવી લાઈન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે સર્કલ વિસ્તારમાં પણ સી સી કેમેરાના કેબલ સંદર્ભે ફુટપાથ પર ઠેર ઠેર ભંગાણ થયુ છે. ફુટપાથના ગાબડા પુરવા માટે પાટનગર યોજના વિભાગ કક્ષાએથી કોર્પોરેશન તેમજ પાણી પુરવઠા બોર્ડને પત્ર લખીને રજુઆત  કરવામાં આવી છે.

શહેરમાં છેલ્લા પાંચ વર્ષમાં ફુટપાથની હાલત અત્યંત ખરાબ

● અનુસંધાન પાન-૭ પર

# સામાન્ય સભાની કાર્યવાહી નોંધ જારી ના થતાં ચેરમેનના રાજીનામાનો મુદ્દો પુનઃ ગરમાયો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેનનો મુદ્દો સમગ્ર રાજકારણમાં ચર્ચાનો મુદ્દો બની ઉભરી આવેલ છે.

પંચાયતમાં ચૂંટાયેલા ભાજપના સભ્યો અને સંગઠ્ઠન પાંખ વચ્ચે આ અંગે તિરાડ ઉભી થઈ છે. બીજી તરફ જિલ્લા પંચાયતની ખાસ સામાન્ય સભા મળી ગયે આજે ૧૫ દિવસ થયા બાદ પણ તે અંગેની કાર્યવાહી નોંધ સત્તાવાર રીતે જારી કરવામાં આવી નથી. આથી ચેરમેનનું રાજીનામુ મંજૂર થયેલુ ગણી શકાય નહિ તેવી ચર્ચાએ જોર પકડ્યુ છે.

સામાન્ય સભા કે સમિતિની બેઠકની કાર્યવાહી નોંધ એક સપ્તાહમાં જ જારી કરવામાં આવતી હોવાની પરંપરા છે. જો કે આ પરંપરા ભાજપે સત્તાના સૂત્રો સંભાળ્યા પછી તુટી છે અને ક્યારેય સમય મર્યાદામાં કાર્યવાહી નોંધ જારી કરવામાં આવી નથી.

કારોબારી સમિતિના ચેરમેનના રાજીનામા પછી સભ્યોની સહિ ઝુંબેશ બાદ પક્ષના આગેવાનોએ ઝડપથી બધાને સાથે રાખી સર્વ સ્વીકૃત નિર્ણય લેવાશે તેવી વાતો કહી હતી પરંતુ ૧૫ દિવસ પછી પણ રાજીનામાનો સત્તાવાર સ્વીકાર કરાયાની કાર્યવાહી નોંધ જ જારી કરવામાં આવી ન હોવાથી રાજકીય મામલો ગરમાયો છે.

ભાજપની ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ વચ્ચેની તિરાડ પછી ચૂંટાયેલી પાંખ અને સંગઠ્ઠનની તિરાડ પણ હવે સામે આવી છે. સંગઠ્ઠન પાંખ દ્વારા વહીવટીય દખલગીરી વધી જવા પામી છે અને તેને કારણે વહીવટીય કામંગીરી પણ ખોરવાઈ છે તેમ જ યોગ્ય સંકલનના અભાવે સતત તંત્ર પરનો કાબુ ચૂંટાયેલી પાંખ અને વહીવટીય પાંખ ગુમાવી રહ્યા છે.

Gandhinagar District Co.Op. Milk Producer's Union Ltd.
Tender Notice
Tender invited for Annual Maintenance Contract for Motor Rewinding secvices at dairy plant for Gandhinagar District Co.Op. Milk Producer's Union Ltd.. The bidder should submit technical bid, tender fee and EMD in cover separately. The last date for submission of bidding is 16/9/2022 up to 5:00 PM. The right are reserved to The Managinig Director to accept, reject of cancel the tender / offer.
Managing Director
Gandhinagar District Co.Op. Milk Producer's Union Ltd.
Sector-25, "K" Road, G.I.D.C., Electronics Estate,
Gandhinagar - 382024

વેચાણ આપવાનું છે
સેક્ટર-૮માં આવેલ સરકારી વસાહતમાં પડેલ બિલ્ડીંગ વેસ્ટ (પુરાણ માટે) આપવાનું છે.
મો. ૯૯૨૪૪ ૮૭૦૬૪
મો. ૯૪૦૮૯ ૭૧૬૯૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ
ટી.એમ.ટી. સળીયા

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યુ. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com